વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

મહેશ કાન્તીલાલ પારેખ
(૧૯૫૦) ફોન: ૨૩૨૪૩૮૩૦

હિરજીભાઇ નરસંગલાલ જોષી
(૧૯૨૧) ફોન : ૨૩૨૮૪૬૨૯

ભાજપ સરકારે રૂપિયા ફાળવ્યા પણ અમલ ન કર્યો

પાટણ ધર્મસ્થાનના વિકાસ માટે ભાજપે માત્ર વાતો કરી

દલિત સમુદાય લોકોના આસ્થા સમાન બની ગયેલા સંત વીરમાયાના સ્થાનકની અવગણના કરવામાં આવી : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૪

પાટણના વીરમાયા સ્મારક/ધર્મસ્થાનના વિકાસ માટે રાજ્યની ભાજપ સરકાર દ્વારા ત્રણ વર્ષ પહેલાં રૂા.૧ કરોડ ૩૯ લાખની જાહેરાત કરી હતી પરંતુ આજે ત્રણ વર્ષ થવા છતાં એક રૂપિયો પણ ફાળવવામાં આવ્યો નથી અને તાજેતરમાં રાજ્યના મુખ્યમંત્રી વિવેકાનંદ યાત્રા લઈને પાટણ ગયા ત્યારે પાટણના વિકાસ માટે રૂા.૨ હજાર કરોડની જાહેરાત કરી હતી જેમાં માયા ટેકરીના વિકાસ માટે એક રૂપિયાની પણ જોગવાઈ કે જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી નથી જે કમનસીબ બાબત છે. રાજ્ય સરકાર દલિતોની અવગણના તો કરે છે પરંતુ દલિત સંત વીરમાયા અને તેના સ્થાનકની પણ અવગણનાની સાથે અવદશા કરે છે. તેવું આજે પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી ગીરીશ પરમારે જણાવ્યું હતું.

પાટણના વીરમાયા સ્થાનકની વિગતો આપતા પરમારે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ઐતિહાસિક પાટનગરી પાટણમાં સહસ્ત્રલીંગ તળાવમાં જ્યારે પાણી ન આવ્યું ત્યારે બત્રીસ લક્ષણા માનવીના બલિદાનથી પાણી આવશે તે પ્રમાણે યુવાન દલિત વીરમાયાએ પોતાની જાતનું બલિદાના આપ્યું અને સહસ્ત્રલીંગ તળાવમાં પાણી આવ્યું પોતાની જાતની કુરબાની આપનાર દલિત વીરમાયા દલિત સમાજમાં સંત તરીકે તેમજ સમાજના ઉદ્ધારક તરીકે આજે પણ પૂજાય છે અને પાટણમાં માયા ટેકરી નામનું ધાર્મિક સ્થાન કે જ્યાં દલિત સમાજના હજારો ધર્મપ્રેમીઓ દર્શને જાય છે. આ માયા ટેકરી અને તેની આજુબાજુના વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકારે અને સ્થાનિક વહીવટીતંત્રએ બેદરકારી રાખી છે જેના કારણે દર્શને આવતા લોકોને ખુબજ મુશ્કેલી પડે છે. આ બાબતે ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડને અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ જ અસરકારક કામગીરી કરવામાંઆવી નથી પરંતુ કોંગ્રેસના સાંસદ રાષ્ટ્રપાલે તેમના બજેટમાંથી બજેટ ફાળવીને વિકાસની કેટલીક કામગીરી કરી છે.

દલિતોના આસ્થાના કેન્દ્ર સમાન વીરમાયાના ધર્મસ્થાનની રાજ્યની ભાજપ સરકાર દ્વારા વિકાસથી વંચિત રાખવામાં આવી રહ્યું છે અને આ સ્થાનકના વિકાસ માટે રાજ્ય સરકારને વીરમાયા ટ્રસ્ટ અને પાટણના દલિત સમાજે રજૂઆતો કરવા છતાં સત્તાધીશોનું પેટ્રનું પાણી પણ હાલતું નથી આ વિસ્તારના ધારાસભ્ય અને રાજ્યના સૌથી માનીતા અને સીનીયર મંત્રી હોવા છતાં તેઓ પણ દુર્લક્ષ સેવી રહ્યા છે.

ધાનેરાના જુદા જુદા વિસ્તારોમાં મૂકેલ નગરપાલિકાની કચરા પેટીઓમાં ઘણાં લાંબા સમયથી સફાઈ વિભાગ દ્વારા કચરો ખાલી ના કરાતા સ્થાનિક નગરજનોએ કંટાળીને કચરા ભરેલી પેટીઓને દિવાસળી ચાંપીને સળગાવીને પાલીકા સત્તાધીશો સામે પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. (તસ્વીર : પ્રકાશ કાળી, ધાનેરા)

માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજની વિજ્ઞાન કૃતિનો પ્રથમ ક્રમ

ગાંધીનગર, તા. ૪

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા આયોજિત ગુજરાત રાજ્ય ઉત્તર મધ્ય ઝોનનો વિજ્ઞાન-ગણિત પ્રદર્શન: ૨૦૧૨-૧૩ પાટણ જિલ્લાના રણુંજ ગામે સ્થિત શિ.હ.મોદી પુરુષ અધ્યાપન મંદિર ખાતે યોજાયું હતું, જેમાં અડાલજની માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરની વિભાગ-૨ની કૃતિ 'વેસ્ટ વેજીટેબલ ઓઈલમાંથી બાયોડિઝલ' બેલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ રજૂ કરવામાં આવી હતી. આ કૃતિને તાલીમાર્થી અલ્પાબેન પટેલ અને રીચાબેન પટેલે યોગ્ય રીતે રજૂ કરી હતી. કૃતિને નિર્ણાયકો દ્વારા પ્રથમ સ્થાન આપવામાં આવ્યું હતું.

મિશ્રના પાર્થિવદેહના મોદી દ્વારા અંતિમદર્શન

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પટણામાં ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ સ્વ.કૈલાશપતિ મિશ્રના પાર્થિવદેહના અંતિમ દર્શન કરી સદ્‌ગતને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી આજે પટણા પહોંચ્યા હતા અને બિહારના વરિષ્ઠ ભાજપા અગ્રણી તથા ગુજરાતના પૂર્વ રાજ્યપાલ સ્વ.કૈલાશપતિ મિશ્રના પાર્થિવદેહને શ્રદ્ધાંજલિ આપવા તેમના નિવાસસ્થાને પહોંચીને શોક સંતપ્ત સ્વજનોને મળ્યા હતા અને તેમના દુ:ખમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ સ્વ.કૈલાશપતિ મિશ્રજીની કર્તવ્ય પરાયણતા અને તેમનું સાદગીપૂર્ણ જીવન તેમના જેવા અનેક કાર્યકર્તાઓને પ્રેરણા આપનારું રહ્યું છે.

વિસ્તારક યોજનાના અંતિમ દિવસે ૯૦૦ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપ યુવા મોરચાએ યુવા સંમેલન યોજ્યા

અમદાવાદ, તા.૪

ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ચુટણીમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારીની પ્રણેતા કોંગ્રેસને ગામે ગામથી સાફ કરો વિકાસના પ્રતિક કમળને ખીલવવા યુવાનોને યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલાએ આહવાન કર્યું હતું.

ભારતી જનતા યુવા મોરચાના યુવા વિસ્તારકો ૩૧ ઓક્ટેબર સરદાર પટેલ જયંતિથી સમગ્ર રાજયમાં ગામેગામ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે યુવાનોના વિકાસ માટે કરેલી વિકાસલક્ષી કામગીરી પહોંચાડવા અને વિકાસ વિરોધી કોંગ્રેસની વાતને ખુલી પાડવા વિસ્તારક તરીકે ભ્રમણ કરી રહ્યા હતા. આજના વિસ્તારક યોજનાના છેલ્લા દિવસે એટલે કે, તા.૪ નવેમ્બરના રોજ સમગ્ર રાજયમાં ૯૦૦ સ્થાનો પર યુવા સંમેલન યોજવામાં આવ્યા હતા.

ભાજપ સરકારે ગુજરાતન યુવાનો માટે રોજગારીના અને ક અવસરો ઉભા કર્યા છે. ઘર આંગણે અભ્યાસની તકો પૂરી પાડતી એન્જીનીયરીંગ, મેડીકલ, ડેન્ટલ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ ઉભી કરી છે, ૪૮૯ રોજગાર ભરતી મેળા યોજ્યા છે. સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સમાહ અંતર્ગત ૬૫ હજાર યુવાનોને રોજગારી આપી છે, ૨૨૫૦ સ્વરોજગાર શિબિર દ્વારા ૨ લાખ યુવાનોને માર્ગદર્શન આપ્યું છે. દેશમાં સર્જાતી ૧૦૦ રોજગારીમાંથી ૭૨ રોજગારી ગુજરાતની સરકારે સર્જી એક ઐતિહાસિક અને યુવાનોના સ્વપ્નાને સાકાર કરવાનું કામ કર્યું છે.

તેઓએ અંતમાં જણાવ્યું હતું કે કેન્દ્રની કોંગ્રેસ સરકારે ૧ કરોડ રોજગારીનું વચન આપ્યું હતું જેને સફળ કરવામાં સરકાર નિષ્ફળ નિવડી છે. જ્યારે ગુજરાત સરકારે વિકાસની અનેક દિશાઓ યુવાનો માટે ખોલી છે. ગુજરાતનો યુવાન આ બાબતને ધ્યાનમાં ધરી જુઠ્ઠાણાનો પર્યાય બનેલી કોંગ્રેસને આગામી ચુંટણીમાં પરાસ્ત કરી કમળ ક્રાંતિ કરશે. તેઓ આશાવાદ પણ તેમણે વ્યકત કર્યો છે.

શિશુવિહારના ઉપક્રમે વૃદ્ધજન સન્માન સમારંભ

ભાવનગર, તા.૪

ન્યાલચંદ વકીલ પરિવારનાં સૌજન્યથી શિશુવિહાર સંસ્થાનાં ઉપક્રમે પ્રતિવર્ષ કલા, સાહિત્ય, ડાકટરી, સમાજસેવા, વ્યવસાય, શરીર સ્વાસ્થ્ય ઈત્યાદી ક્ષેત્રમાં પ્રદાન કરતાં ૯૦ વર્ષથી વધુ વય ધરાવતા વયોવૃદ્ધ ભાઈ-બહેનોનું સન્માન કરવામાં આવેછે. આ કાર્યક્રમ આગામી તારીખ ૧૮-૧૧-૨૦૧૨ એ ભાવનગર ખાતે યોજવા આયોજન છે.

ઉદ્દિપો ભવ તેમ જે વડીલો પોતાની આત્મા-ઉન્નતિ માટે જાગૃત છે અને સ્વ વિકાસ સાથે સમાજને ઉપયોગી થવાની ખેવના રાખે છએ તેવા નિસ્પૃહ વૃદ્ધોનું સન્માન કરવું તે આ પ્રવૃત્તિનો હેતુ છે. આથી, આપના ધ્યાનમાં આવા સમાજ માટે આદર્શરૂપ વડીલો હોય તેમનાં નામ-સરનામા શિશુવિહાર ભાવનગરના સરનામે મોકલવા વિનંતી છે. આ ઉપરાંત કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતાં ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા વડીલોએ શિશુવિહાર કાર્યાલયમાં પોતાના નામ નોંધાવી જવા.

અમદાવાદના નારોલમાંથી ૮૫ ટન યુરિયાનો જથ્થો કબજે કરાયો

ચોક્કસ બાતમીના આધાર પર જાળ બિછાવીને સફળતા

હાંસલ કરાઈ : ગેરકાયદે જથ્થો વેચવામાં આવી રહ્યો હતો

અમદાવાદ,તા. ૪

ખેતીવાડીમાં વપરાતા પ્રતિબંધીત યુરિયા ખાતને પાંચ ઘણી કિંમતે ઈન્ડસ્ટ્રીમાં વેચી દેવાના એક મોટા કૌભાંડનો પોલીસે આખરે પર્દાફાશ કર્યો છે. નારોલમાંથી ૮૫ ટન પ્રતિબંધીત યુરિયા ખાતરનો જંગી જથ્થો જપ્ત કરીને બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ચોક્કસ બાતમી મળ્યા બાદ સેક્ટર બેના અધિકારીઓની ટીમે નારોલ વિસ્તારના એક ગોડાઉનમાં દરોડા પાડીને આ જંગી જથ્થો જપ્ત કર્યો હતો. આ સંબંધમાં બેની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ સરકાર દ્વાર ખેડૂતોને હજુસુધી સસ્તાદરે યુરિયા ખાતર પૂરૂ પાડવામાં આવે છે. આ યુરિયા ખાતર ઉદ્યોગોમાં પણ મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાંઆવેછે. પરંતુ તેના વપરાશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવાથી વેપારીઓ તેનો ઉપયોગ કરી શકતા નથી. તેના ઉપયોગ માટે મંજુરી લેવાની ફરજ પડે છે. આવી સ્થિતિમાં યુરિયા ખાતરનો લાભ લેવા માટે હંમેશા પ્રયાસ કરવામાં આવે છે.

મળેલી માહિતી મુજબ વટવા, નારોલ વિસ્તારમાં ગોડાઉન ધરાવતા બે સિંધી ભાઈની ટીમે મોટા પ્રમાણમાં યુરિયા ખાતરનો જંગી જથ્થો મંગાવ્યો હતો અને ઉદ્યોગોમાં વેચી રહ્યા હોવાની બાબત સપાટી પર આવી હતી. સેકટર-૨ના પોલીસ અધિકારીઓની ટીમને આ મુજબની માહિતી મળ્યા બાદ જાળ બીછાવવામાં આવી હતી. સમગ્ર યોજનાને સફળરીતે પાર પાડવા ગોડાઉન ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો. આ ગાળા દરમિયાન ૮૫ ટન યુરિયા ખાતરનો જથ્થો જપ્ત કરવામાં સફળતા મળી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે યુરિયા ખાતર ખેડૂતોને સરકાર દ્વારા પ્રતિકિલો ૨૮૫ રૂપિયાના ભાવે આપવામાં આવે છે. આ બંને ભાઈએ ખાતરનો જથ્થો ગેરકાયદે સંગ્રહ કર્યો હતો. ૨૮૫ રૂપિયાના બદલે ૧૫૦૦થી ૧૬૦૦ રૂપિયાના ભાવે ખાતરનો જથ્થો વેચવામાં આવી રહ્યો હતો. ઝડપાયેલા બંને શખ્સોની પૂછપરછ શરૂ થઈ ચુકી છે. નવી વિગતની રાહ જોવામાં આવી રહી છે.

આજથી ગુજરાતના ચાર ઝોનમાં ભાજપાના મીડિયા કાર્ય શિબિર યોજાશે

અમદાવાદ, તા.૪

ગુજરાત વિધાનસભાની યોજાનાર ચુંટણીની તૈયારીના ભાગરૂપે ભાજપાના રાષ્ટ્રીય પ્રવકતા નિર્મલા સીતારામન અને મીડિયાના રાષ્ટ્રીય સંયોજક શ્રીકાંત શર્માની ઉપસ્થિતિમાં ૫ અને ૬ નવેમ્બરના રોજ ગુજરાતના ચાર ઝોન રાજકોટ, ગાંધીનગર, સુરત અને વડોદરા ખાતે મીડિયા કાર્યશિબિર યોજાશે.

ભાજપાના પ્રદેશ મિડિયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે આ અંગેની વિગતોમાં જણાવ્યું હતું કે, ૫ નવેમ્બરના રોજ સૌરાષ્ટ્ર ઝોનની મિડિયા શિબિર રાજકોટ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે. જેનું ઉદ્‌ઘાટન ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા નિર્મલા સીતારામન કરશે. ઉત્તર ઝોનની મીડિયા કાર્ય શિબિર ગાંધીનગર સ્થિત ભાજપના કમલમ કાર્યાલય ખાતે બપોરે ૨.૦૦ કલાકે યોજાશે. જેનું ઉદ્‌ઘાટન ભાજપના પ્રદેશ પ્રવકતા આઈ. કે. જાડેજા કરશે.

૬ નવેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતની કાર્ય શિબિર સુરત ખાતે અને મધ્ય ગુજરાતની મીડિયા કાર્ય શિબિર વડોદરા ખાતે યોજાશે. રાજકોટ ખાતે મનસુખભાઈ માંડવીયા, સુરત ખાતે સી.આર. પાટીલ ઉપસ્થિત રહેશે. દિલ્હીથી ખાસ વ્યવસ્થા સંભાળનાર સિધ્ધાર્થીનાથ સિંહ રાજકોટ ખાતે, કે.કે. શર્મા વડોદરા ખાતે અને માધવ ભંડારી સુરત ખાતે ઉપસ્થિત રહેશે.

ગુજરાતના ચારેય ઝોનમાં યોજાનાર મીડિયા કાર્ય શિબિરના ઝીણવટ ભર્યા આયોજનમાં પ્રદેશ મીડિયા સહ ઈન્ચાર્જ ડૉ. હર્ષદ પટેલ, દક્ષિણ ગુજરાતના નિરંજન ઝાંઝમેરા, મધ્ય ગુજરાતના મેહુલ ઝવેરી, ઉત્તર ગુજરાતના રાજુ ભટ્ટ અને સૌરાષ્ટ્રના રાજુ ધ્રુવ કાર્યરત છે.

પાલનપુર તાલુકાના અંત્રોલી ગામે દેશી દારૂ ગાળવાની વિવિધ ભઠ્ઠીઓ ઉપર આજે સવારે ૧૦૬ પોલીસ જવાનોનો કાફલો ત્રાટક્યો હતો. પોલીસની વિવિધ ટીમોએ ૧૭ જેટલા સ્થળો ઉપર ઓચિંતી રેડ કરી નવ ઈસમોને દેશી દારૂ ગાળતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

પરિવર્તન પાર્ટી દ્વારા રોજ બે બે સંમેલનો યોજવા તૈયારી

કેશુભાઈ આજે રાજકોટમાં પરિષદ સંબોધશે : મતદારોને પ્રભાવિત કરવા આક્રમક યોજના : ચાર ઝોનમાં સંમેલનો

અમદાવાદ, તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને પરિવર્તન પાર્ટીએ લોકસંપર્ક વધુ ગાઢ બનાવવાનો નિર્ણય કર્યો છે. આવતીકાલ પાંચમીથી ૧૦મી નવેમ્બર દરમિયાન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ સહિતના અગ્રણીઓ રાજ્યના ચાર ઝોનમાં રોજ બે સંમેલનો યોજીને લોક સંપર્ક કરશે. સૂત્રોના કહેવા મુજબ ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ આવતીકાલે રાજકોટમાં પત્રકાર પરિષદને સંબોધ્યા બાદ સંમેલનમાં હાજરી આપશે. ગોરધન ઝડફિયા પણ ભાવનગર અને અમરેલીમાં સંમેલનો યોજશે. પૂર્વમુખ્યમંત્રી સુરેશ મહેતા મધ્ય ગુજરાતમાં, ફકીર ચૌહાણ દક્ષિણ ગુજરાતમાં, ડો. એકે પટેલ અને લાલજીભાઈ પટેલ ઉત્તર ગુજરાતમાં લોકસંપર્ક કરીને રોજના બે-બે સંમેલનો યોજશે.

ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે ગઈકાલે સ્વચ્છ ઉમેદવારોને આવકાર્યા બાદ આજે ૫૩ જેટલા ઉમેદવારોને પોતાના બાયોડેટા કેશુભાઈને પહોંચાડ્યા છે જેમાંએક નિવૃત્ત ડીવાયએસપીનો પણ સમાવેશ થાય છે. કેશુભાઈ પટેલ તેમના કાર્યક્રમોમાં મતદારો મોટી સંખ્યામાં દેખાતા ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. પરંતુ રાજકીય પંડિતો માને છે કે કેશુભાઈ પટેલ ભાજપ અને કોંગ્રેસમાં કોઈ મોટા ગાબડા પાડી શકશે નહીં. ગુજરાતના ઈતિહાસમાં ક્યારે પણ ત્રીજી પાર્ટીની જગ્યા રહી નથી. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ મુખ્ય સ્પર્ધા છે. જો કે કેટલાક લોકો માને છે કે કેશુભાઈ પટેલ ચોક્કસપણે ભાજપને નુકસાન કરશે.

નરેન્દ્ર મોદીનું ૨૮ મહિના બાદ પટણા પહોંચતા શાનદાર સ્વાગત

પટણા,તા.૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૨૮ મહિનાના લાંબા ગાળા બાદ પટણા પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. ભાજપના કાર્યકરો તેમના સ્વાગત માટે ઉમટી પડ્યા હતા. દેશ કા પ્રધાનમંત્રી કૈસા હો, નરેન્દ્ર મોદી જૈસા હો જેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. મોદી પીઢ ભાજપના નેતા કૈલાસપતિ મિશ્રાના આવાસ ખાતે પહોંચ્યા ત્યારે આ મુજબની નારાબાજી કરવામાં આવી હતી. કૈલાસપતિ મિશ્રાનું ગઈકાલે અવસાન થયુ હતુ. મોદી અંતમ શ્રધ્ધાંજલિ આપવામાટે વ્યક્તિગત રીતે પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે નરેન્દ્ર મોદી છેલ્લે જૂન ૨૦૧૦માં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં હાજરી આપવા માટે પટના પહોંચ્યા હતા. બિહાના મુખ્યમંત્રી નીતિશકુમાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે સંબંધ સારા રહ્યા નથી. ગુજરાતના શક્તિશાળી નેતા ૨૦૦૫માં બિહારમાં ચૂંટણી પ્રચાર માટે પણ પહોંચ્યા ન હતા. આ ઉપરાંત ૨૦૧૦માં યોજાયેલી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પણ મોદીએ પ્રચારમાં ભાગ લીધો ન હતો. આ ઉપરાંત ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી વેળા પણ મોદી બિહારમાં ગયા ન હતા. મોદી અને નીતિશકુમાર વચ્ચે સ્થાનિક અખબારોમાં જાહેરખબરને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે મોદી અને નીતિશકુમાર વચ્ચે અગાઉ પણ સારા સંબંધ રહ્યા ન હતા. નીતિશકુમાર એવી સ્પષ્ટતા પણ કરી ચુક્યા છે કે તેઓ વડાપ્રધાનપદના ઉમેદવાર માટે મોદીને સમર્થન આપતા નથી. એક બિનસાંપ્રદાયિક ઉમેદવારને સમર્થન આપવા તેઓ વાત કરી ચુક્યા છે. જો કે એનડીએમાં હવે મોદીનું સમર્થન વધી રહ્યુ છે. મોદી પટણા વિમાનીમથકથી સીધા મિશ્રાના નિવાસસ્થાને પહોંચ્યા હતા જ્યાં તેઓ ૧૫ મિનિટ સુધી રોકાયા હતા. ત્યારબાદ ફરી વિમાનીમથક તરફ રવાના થઈ ગયા હતા. મોદી ખાસ વિમાન મારફતે આજે બપોરે પટણા પહોંચ્યા હતા. તેમની સાથે નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદી, રવિશંકર પ્રસાદ, સીપી ઠાકુર પણ હતા. મોદીએ કહ્યુ હતુ કે મિશ્રાએ ગુજરાતના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. મિશ્રાએ પક્ષના કાર્યકરો માટે એક માર્ગદર્શક તરીકે કાર્ય કર્યુ હતુ.

શબ્દાવલી - ૪૮૮૯



આડી ચાવી

૧. પાણીની અંદર અને ઉપર ચાલી શકે તેવું વહાણ (૪)
૫. મુસ્લિમોનું ધાર્મિક યાત્રાસ્થાન મક્કામાં આવેલ (૨)
૬. રબારીનું નિવાસસ્થાન (૨)
૭. ઉઘરાણું, ટીપ (૪)
૮. કોહવાવું, બગડવું (૩)
૯. તપશ્ચર્યા (૨)
૧૧. પાણીની લ્હેર, મોજુ (૩)
૧૩. સો લાખને એક... કહેવાય (૩)
૧૪. વૃક્ષ (૨)
૧૫. ખાવાના કે ધોવાના કામમાં આવે તો એક ક્ષાર (૨)
૧૬. ઝડપ, ત્વરા (૨)
૧૭. તલબ, ચડસ (૩)
૧૮. એકદમ નવું (૫)
૨૦. નાકની વાળી, નથણી (૨)
૨૨. ઘેટા-બકરાં પાતળી એક કોમ (૪)

ઊભી ચાવી

૧. અજંપો કે મુંઝારો (૪)
૨. એક વાહન (૨)
૩. પાછુ ચુકતે કરવું તે (૩)
૪. હરકત કરવી (૩)
૫. સાપ, નાગ (૪)
૮. સમાચાર, એંધાણ (૩)
૧૦. અધોગતિ, અવનતિ (૩)
૧૨. હેરાન કરવું, દુઃખી કરવું (૪)
૧૩. કડાક એવો થતો અવાજ (૩)
૧૫. આરપાર, સોંસરૂં (૪)
૧૬. ધૂન સવાર થવી, ... ચડવી (૩)
૧૭. હોંશિયાર, એક પક્ષી (૩)
૧૯. આકાશ, ગગન (૨)
૨૧. દુકાનનો મુખ્ય ભાગ (૨)

શબ્દાવલી ૪૮૮૮ના જવાબ

આડી ચાવી :- (૧) જાલીમ (૪) ખેલકૂદ (૭) દરાર (૮) રાવ (૯) શીફત (૧૦) લાત (૧૧) યુરિયા (૧૩) ફન (૧૪) નફરત (૧૫) આવરણ (૧૮) ફરિયાદ (૧૯) યાતના (૨૦) લડત

ઊભી ચાવી :- (૧) જાદરીયુ (૨) લીરા (૩) મરશીયા (૪) ખેરાત (૫) લવ (૬) દલીત (૧૦) લાનત (૧૨) રીકવરી (૧૩) ફરજીયાત (૧૪) નણદલ (૧૫) આફત (૧૬) રયા (૧૭) બનાવ

કંપની સમાચાર

એસ કોમોડિટી એક્સચેન્જ આરબીડી પામોલીનમાં ફ્યુચર્સ ટ્રેડિંગ શરૂ કર્યું

ભારતમાં કોટક મહિન્દ્રા ગ્રુપના સૂત્ર સંચાલનમાં ચાલતા કોમોડિટી એક્સચેન્જ, એસ ડેરિવેટિવ્ઝ એન્ડ કોમોડિટી એક્સચેન્જ લિમિટેડ (એસ) દ્વારા ૫ નવેમ્બર, ૨૦૧૨થી આરબીડી પામોલીનમાં ફ્યુચર્સ ટ્રેડિંગ શરૂ કરી રહી હોવાથી આજે જાહેરાત છે. એસે હાલમાં આરબીડી પામોલીનમાં ત્રણ કોન્ટ્રાક્ટ રજૂ કરે છે, જે નવેમ્બર ૨૦૧૨, ડિસેમ્બર ૨૦૧૨ અને જાન્યુઆરી ૨૦૧૨ના મહિનામાં સમાપ્ત થશે. આ કિંમતનું કવોટેશન ૧૦ કિલોદીઠ રૂપિયામાં છે અને ટ્રેડિંગ યુનિટ ૧૦ટન છે. ટિક આકાર ૫ પૈસા છે. તે ઈન્ટેન્શન મેચિંગ કોન્ટ્રાક્ટ છે અને કોન્ટ્રાક્ટ બેસિસ કેન્દ્ર એક્સ-ટેન્ક કાંડલા છે.

એસ ડેરિવેટિવ્ઝ એન્ડ કોમોડિટી એક્સચેન્જના સીઈઓ શ્રી દિલીપ ભાટિયાએ જણાવ્યું હતું કે અમે બજારના સહભાગીઓને સુસંગત હોય અને તેમની હેજિંગ આવશ્યકતાઓને પહોંચી વળે તેવા કોન્ટ્રાક્ટસ રજૂ કરવા સતત પ્રયત્નશીલ રહીએ છે. આરબીડી પામોલીન કોન્ટ્રાક્ટ સર્વ હિસ્સા ધારકો, જેમ કે આયાતકારો, ટ્રેડરો, પ્રોસેસરો અને રિટેઈલ સહભાગીઓ માટે અસરકારક જોખમ વ્યવસ્થાપન અને કિંમત ખોજ મંચ પૂરૂં પાડે તે રીતે તૈયાર કરાયો છે.

એસે હાલમાં કોટન (ગાંસડી) કોન્ટ્રાક્ટ રજૂ કર્યા છે અને આરબીડી પામોલીનના ઉમેરા સાથે હવે ૯ એગ્રી કોમોડિટીમાં ટ્રેડિંગ ઓફર કરે છે.

નોવો નોર્ડિસ્ક એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા એચ.સી.પી. પ્રોગ્રામ યોજાયો

ટાઈપ-૧ ડાયાબિટીસ એ બાળપણમાં સામાન્ય રીતે જોવા મળતી એન્ડોક્રાઈન અને મેટાબોલિક સ્થિતિ છે. એક અંદાજ પ્રમાણે દેશમાં આશરે ૧૫ વર્ષથી નીચેના ૪.૪૦ લાખ બાળકો ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાય છે, અને આવા બાળકોની સંખ્યા વધી રહી છે. ઘણાં દેશોમાં ખાસ કરીને આર્થિક રીતે પછાત પરિવારોમાં ઈન્સ્યુલિનની પ્રાપ્યતા અને પોતાની સંભાળ અંગેની દરકાર મર્યાદિત હોવાથી અનેક બાળકો વિકલાંગતા તરફ ધકેલાય છે અને ડાયાબિટીસથી પીડાતાં બાળકોનું વહેલું મરણ થાય છે.

ટાઈપ-૧ ડાયાબિટીસ અંગે ડૉક્ટરો સહિત લોકોમાં જાગૃતિ લાવવા માટે નોવો નોર્ડિસ્ક એજ્યુકેશન ફાઉન્ડેશન (એન.એન.ઈ.એફ) એ અમદાવાદ ખાતે આઈએસપીએડી અને ડાયાકેર સીડીઆઈસી સેન્ટર દ્વારા બે દિવસનો એચપીસી ટ્રેનિંગ કાર્યક્રમ - આઈએસપીએડી પીજી કોર્સ ફોર પીડિયાટ્રિક ડાયાબિટીસ, યોજ્યો હતો જેનું આયોજન ઈન્ડિયન એકેડમી ઑફ ડાયાબિટીસ દ્વારા કરાયું હતું.

અમદાવાદ ખાતેનો આ કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો હતો કારણ કે તેના દ્વારા ૩૦૦ એચસીપીએસ દ્વારા પહોંચી શકાયું અને તેમાં અન્ય આંતરરાષ્ટ્રીય અને ભારતીય ફેકલ્ટી ઉપરાંત આઈએસપીએડીના માનનીય સચિવ ડૉ. રગનાર હનાસે હાજરી આપી હતી.

તાજેતરનાં અભ્યાસો અનુસાર ભારતમાં ૬૧.૩ મિલિયન લોકો ટાઈપ-૨ ડાયાબિટીસની પીડાય છે. ટાઈપ-૨ ડાયાબિટીસ પર વધારે ધ્યાન આપવાનાં કારણે ટાઈપ-૧ તરફ બેધ્યાન અપાઈ રહ્યું છે, જેના કારણે બાળકો પર સૌથી વધુ માઠી અસર થઈ રહી છે.